With Save TREE CONCEPT

Kavygoshthi

E-megazine

Way of Poetry Litreture...

સપ્ટેમ્બર - ૨૦૧૭

-: સંપાદક :-

સુલતાન સિંહ



Kavygoshthi

Kavygoshthi@gmail.com | +91 9904 185 007

My Blog - http://kavygoshthiblog.wordpress.com

કાવ્યગોષ્ઠી

~ પદ્ય સાહિત્ય તરફની રાહ ~

| વર્ષ – ૨ | અંક - ૭ | સળંગ અંક – ૧૩ |

| સપ્ટેમ્બર – ૨૦૧૭ |

~ સંપાદક ~

સુલતાન સિંહ

કાવ્યગોષ્ઠી ટીમ

મેહસાણા – ૩૮૪૦૦૨

મોબાઈલ – ૯૯૦૪૧૮૫૦૦૭

kavygoshthi@gmail.com

http://kavygoshthiblog.wordpress.com/

સંપાદકની કલમે...

આજના આ અંક સાથે કાવ્યગોષ્ઠી સામાયિક પોતાના સાંખ્યિક બીજા વર્ષમાં પ્રવેશી ચુક્યું છે. નવરાત્રીના શુભદિવસોમા આપણું સામયિક તેરમાં અંક સાથે આપની સમક્ષ હાજર છે.

નવરાત્રીના શુભ અવસરે પ્રકાશિત થતા અંકમાં આવેલ વિચાર મુજબ પર્યાવરણનું સંરક્ષણ પણ આપણા સામયિકમાં શરૂઆતથી જ સંમિલિત છે. આપણું સામયિક ઓનલાઈન મોડમાં જ પ્રકાશિત થાય છે, એટલે સંપૂર્ણપણે પેપરલેસ છે. પેપરલેસ હોવાની સાથે પણ અવનવા ગુજરાતી સાહિત્યનો ખજાનો તો ખરો જ, એટલે કે પર્યાવરણના સંવર્ધન સાથે સાહિત્યની ભૂખ પણ સંતોષાય છે. ક્યારેક કઈક લખવાની જે ભૂખ માનવ મનમાં ભરાય છે એવી ભૂખને સંતોષવા અને પોતાના વિચારોને વાંચકો સમક્ષ મુકવા કાવ્યગોષ્ઠી સામયિક શરૂઆતની ક્ષણોથી જ આપ સૌના પડખે રહ્યું છે. દરેક નવા સર્જનને પ્રોત્સાહન પૂરું પાડવાના હેતુ સાથે હું અને અમારી ટીમ હમેશા કાર્યરત છીએ.

તો,

જો આપ લેખક કે કવિ છો તો અમારા અ પ્રયત્નમાં ભાગીદાર બનીને તમારા શબ્દોને વાંચા આપી શકો છો. કાવ્યગોષ્ઠી દરેક સર્જકને સમ્માનપૂર્વક આવકારે છે.

નવરાત્રી અને દશેરાના પર્વ નિમિતે આપના જીવનમાં સુખનો સૂર્ય હમેશા પ્રકાશમય રહે એવી કાવ્યગોષ્ઠીના દરેક વાંચક મિત્રોને શુભકામનાઓ.

આભાર...

સુલતાન સિંહ
[સંપાદક]

વાચક વર્ગને પ્રણામ....

આપણું ગુજરાત તેમજ આપણું ગુજરાતી સાહિત્ય સાચા અર્થમાં સજીવન રહે તેમજ અવિરત પણે માતૃભાષાનું જુનુન દિલમાં ધબકતું રહે એ માટે કાવ્ય વિશ્વમાં એક નવીન પ્રયાસ રૂપે શરૂ થયેલ વોટ્સએપ ગ્રુપ અને પછી એમાં મળેલા સાથ અને સહકાર દ્વારા સર્જાયેલું આ સામાયિક સમોપૂર્ણ પણે વાંચક અને કવિ મિત્રો એમ બંને પક્ષોને સમર્પિત છે. વિસ્તૃત માહિતી મેળવવા માટે નીચે મુજબ સંપર્ક કરી શકો છો.

Contacts :- *kavygoshthi@gmail.com*

http://kavygoshthiblog.wordpress.com

Admin :- *http://vichaarvrund.wordpress.com*

-: લાગણીનો તાર :-

નવોદિત કવિઓ તેમ જ સહકાર આપનાર વડીલો, મિત્રો અને ભાવકોનાં અમે હરહંમેશ ઋણી છીએ. સહિત્યમાં નવુ સર્જન કરવું એ એક તપ કરવા બરાબર છે. અને આ તપનું ફળ અમારા ગ્રુપને અત્યાર સુધી મળ્યું છે તો એનું રૂણ ઉતારવું કેમ શક્ય બને, એ માટે અમારી ટીમ સદા આવા ઉતમ સર્જકોની આભારી રહેશે.

~~ કાવ્ય ગોષ્ટિ ટીમ ~~

અનુક્રમણીકા

-: કવિ ગણ :-

-: વિશેષ :-





ધર્મ, સમાજ પ્રેમમાં કેટલી નીતિઓ ઘડે છે,
છતાં પણ ક્યાં પ્રેમને કોઈ બાધાઓ નડે છે,

વિચારો, સમાજ અને ધર્મની દોરડી તો જો,
જશોદા બાંધવા મથે છે, ને દોરી ટૂંકી પડે છે,

લાગણી સમાન દોરડીનો અહીં વાંક નથી,
બાંધનારના મનનો અહંકાર એકલો નડે છે,

કોઈ પણ ડર માર ખાય એવો કૃષ્ણને નથી,
પ્રેમના નામે અહીં માઇની વેદનાઓ રડે છે,

સાથ મળે ને ભવ આખો તરે એવું સત ક્યાં,
પ્રેમ નામે જગ આખાનો રોષ મને સાંપડે છે,

~ સુલતાન સિંહ 'જીવન'

હું કૃષ્ણ છું, રાધાનો શ્યામ છું,
આઠમના દિવસે જન્મેલો,
દેવકી ને વસુદેવનો લાલ છું,
હું કૃષ્ણ છું, રાધાનો શ્યામ છું,

જશોદાનો ખોળો ખૂંદીને,
નંદબાબા ખભે ચડાવતા ને,
હું ગોકુળનો એ ગોપાલ છું,
હું કૃષ્ણ છું, રાધાનો શ્યામ છું,

રોહિણીના કુખે આવનાર,
હું ક્યાં મોટેરો બલરામ છું,
હું ગોકુળનો નાનો ગ્વાલ છું,
હું કૃષ્ણ છું, રાધાનો શ્યામ છું,

મોરલી વગાડી વૃંદાવનમાં,
રાસલીલા કરનારો કાન છું,
હું તો ગોપીઓનો ગ્વાલ છું,
હું કૃષ્ણ છું, રાધાનો શ્યામ છું,

સુદર્શન ચક્ર ધરી યુદ્ધે ચડતો,
કદી ન પાછો પડતો માન છું
ગીતા સ્વરૂપે અપાતું જ્ઞાન છું,
હું કૃષ્ણ છું, રાધાનો શ્યામ છું,

ક્યાંક પ્રેમ તો ક્યાંક સ્વીકાર છું,
સુમેળ સાધવા માત્ર સ્થાન છું,
હું ક્યાં માન છું, કે અપમાન છું,
હું કૃષ્ણ છું, રાધાનો શ્યામ છું,

~ સુલતાન સિંહ 'જીવન'

વિચાર ખાલી. નામનાં રહી જાશે
ઉપરવાસે આ કલ્પના રહી જાશે

પ્રેમથી મળતા દિવાના જુલમના
જોઇલો આંખે રાઝના રહી જાશે


ઊડવા મથે છે પણ કેટલે સુધી
સમજની પારે યાતના રહી જાશે

એ આભનેય વરસવું માથાંનું
આંસુ આખરે માનવા રહી જાશે

માનવી માનવતાનો છે ભેંકાર
બિમાર એવો રાતના રહીં જાશે

કારભાર ઉલ્ટા પામવું સુલટા તો
પણે જ ઝાલી નોટના રહી જાશે,

~ હિતેશ આર. પટેલ ‘સાવન’





આંધળુ ચિંતન આજે મને કયા લાગે છે
અંગ્રેજોના ભારણ આજે સૌને કયા લાગે છે

સરદારની સેવા નિષ્ઠા અને પ્રતિષ્ઠામા
અસત્યના વહેણ આપણને કયા લાગે છે

ગાંધીની અહિંસા અને આઝાદીની વાતોમા
કારણ વગરની ગુલામી દેશને કયા લાગે છે

વહેતુ રહ્યુ હૈયુ આજે દરેકનુ નિષ્ઠાવાન બનીને
એટલે જે તો મુશ્કેલીના પંથક સૌને કયા લાગે છે

મયુર.પી.ત્રાસડીયા “સાનિધ્ય”

ભીના હૃદયે લીલી કુંપળ છે ફુટી,,
પ્રેમનાં અમી એણે સીંચ્યા છે મહીં..!!

નવ પલ્લવિત થયું આ ક્ષીણ વૃક્ષ ,,
પ્રણય પંખી માળો બાંધી રહ્યું છે અહીં..!!

કરશે કિલ્લોલ કલ્પાંત કરતું હૃદય અહીં,
ગુંજશે કલરવ મીઠો ,હવે અંતર મહીં..!!

વિરહને વેદનાને આપી દીધી છે માત,
યુગોની પ્રતિક્ષા થઈ પુરી "શબ્દો" મહીં,,

સુકી નદી બની છે વહેણ જોને,
"તૃષ્ણા" છલોછલ બે કાંઠે વહેતી થઈ..!!
. . . .R .R.SOLANKI (તૃષ્ણા).



એવું નથી કે
અંગાર હવે બાકી
નથી ભીતરમાં,,,
સમયની વહેતી હવા થી
ઢબુરાઈને પડેલો
અંતરના ઉંડાણમાં
ભભુકતો લાવા કદી
એકાદ ફૂંકથી પણ
જાગૃત થઈ સાશ્વતરૂપે
લાગણીમય
સૂરસૃષ્ટિ રચી શકે છે....!
જરુર છે માત્ર,
કાન્હ વાંસળીને
તારી એક ફૂંકની....!!
R.R.SOLANKI “તૃષ્ણા”

કેટલાયે કાપું ચક્કર અત્યારે સામી મળે છે
એટલી છે ફિકર ટશર જ્યારે સામી મળે છે
ઉપમા કેવી સ્વરૂપમાં ઉગતી પ્યારી ચંદ્રમાં
પ્યારે આપું કદર ત્યારે સામી મળે છે
એટલાં એ જખમ પર પદો પાડી ઠાઠમાઠે
સંકેલી બાજી તરફી અકાળે સામી મળે છે
દેખતાંયે સામું ફરતીના એ અવસરે ફરી
આજની એ પ્રખર યાદે સામી મળે છે
લિફટ આપવાની ત્યાં તો સરકી પડે નેં
હવે તો જોવું અંદર ખાને સામી મળે છે

~ હિતેશ આર. પટેલ ‘સાવન’

બોલ ને...

તું કેમ નથી બોલતો મારી સાથે?
એક તુ જ છે જેને મારે બધુ જ કહેવુ છે
ખુશી માં તો ઠીક, તારા દુખ મા..ય રહેવુ છે
વિખરતો જાય છે, પ્રેમ નો સમય
યાદ તો કર, પેલી રાત નો પ્રણય !
બોલ ને...
તું કેમ નથી બોલતો મારી સાથે?

મારી નાની નાની વાતો માં પણ
જ્યારે તું હસતો હતો...
સાચુ કહું, ત્યારે તું બહુ જ
Cute લાગતો હતો...
અત્યારે ન તું હસે છે ન તું રડે છે
ન જાણે તારા મન માં શું સળવળે છે..
કંઈક તો કે મને...
બોલ ને...
તું કેમ નથી બોલતો મારી સાથે?

ગોસાઈ કાર્તિક

કોઈ ના દુઃખ માં, તું ડૂબી ને બતાવ...!
બેગૂનાહ છે તું, છતા ઝૂકી ને બતાવ...!

કેટલુ અઘરૂ છે પ્રેમ ને નિભાવવો...
હાથ રાખી દિલ પર, તું પુછી ને બતાવ...!

ચાલ માની લીધુ કે હું ખોટો હસુ...
પણ તું સાચી છો ,એની ખૂબી બતાવ..!

નથી ચાલતુ તનેય મારા વગર...
ખોટો જ હોય હું ,તો તું ભૂલી ને બતાવ...!

લે છોડી દીધુ મેં ધન, દોલત, પરીવાર...
હવે તું મને વરી ને બતાવ...!

ગોસાઈ કાર્તિક



ભીતર કંઈ કેટલાય દુષ્કાળના વરસ લઇને બેઠી છું,
ઘૂંટ માં પી જાઉં સાગર એવી તરસ લઇને બેઠી છું.

આ ઘૂઘવાટ તારો મને કંઇક એમ ઓગળવા આકર્ષે,
કે હું પણ કોઇ ઉછળતી નદી સરસ થઈ ને બેઠી છું.

- મીરાં સયાની

નવરાત્રી પર્વ નિમિત્તે 'ઠોકર' માતાનો ગરબો

મા પથ્થરના રૂપ તમે તો લીધાં જય જય ઠોકર મા;
ભક્તોનાં ચરણોને દર્શન દીધાં જય જય ઠોકર મા.

આંખોમાંથી દડદડ દડદડ દડ્યાં કે જય જય ઠોકર મા;
તમે હૃદયમાં ઊંડે જઈ ટળવળ્યાં કે જય જય ઠોકર મા.

ઘાવ, ઘસરકો, હડદોલો થઈ રહો કે જય જય ઠોકર મા;
કેવાં કેવાં રૂપ તમારાં અહો! કે જય જય ઠોકર મા.

તમે જેમને જીવ લગોલગ અડ્યા કે જય જય ઠોકર મા;
લોહીઝાણ થઈ અધવચ્ચે એ પડ્યા કે જય જય ઠોકર મા.

'ઠેસ' નામનું તમ ભથામાં બાણ કે જય જય ઠોકર મા;
વાગે એનાં વલખ્યાં કરતા પ્રાણ કે જય જય ઠોકર મા.

તમ દર્શનથી પળમાં પીડા જાગી જય જય ઠોકર મા;
કૃપા તમારી છેક જીવમાં વાગી જય જય ઠોકર મા.

ધૂપ આરતી પૂજા નહીં સિરપાવ કે જય જય ઠોકર મા;
તપ કર્યા વિણ તમે તો પરસન થાવ જય જય ઠોકર મા.

બનાવ મુજબ તમે ધરો આકાર કે જય જય ઠોકર મા;
તોય રહો છો કાયમ નિરાકાર કે જય જય ઠોકર મા.

બત્રીસે પકવાનો જેવા ઘાવ કે જય જય ઠોકર મા;
ભક્તો તમને ધરવે સૌ અભાવ કે જય જય ઠોકર મા.

એ જ પ્રાર્થના કરું ન દર્શન દેજો જય જય ઠોકર મા;
અમ મારગથી કાયમ આઘા રહેજો જય જય ઠોકર મા.

અનિલ ભગત તરફડતા ગરબો ગાય કે જય જય ઠોકર મા;
જેને વાગે એને જ આ સમજાય કે જય જય ઠોકર મા.

~ અનિલ ચાવડા



જો પગમાં પંખીડું ટહુકો કરે તો ચુપ રહેવાનું ?
વિચારો બાપડા જો ફરફરે તો ચુપ રહેવાનું ?

ઉમર સાગરની છે ઝાઝી ભલે પણ ઘૂઘવે તો છે
કિનારે નાવડી જો લાંગરે તો ચુપ રહેવાનું ?

જમાનો એક આખો જે તારી સાથે ગુજારેલો
કરીને યાદ જો વ્રણ વિફરે તો ચુપ રહેવાનું ?

ગહેરી ઊંઘમાં સરકી જવાનું મન ઘણુંયે થાય
અલી તું જામ મધરાતે ભરે તો ચુપ રહેવાનું ?

જીવન ગજવામાં રાખી મોજથી મેં વાપરી નાખ્યું
વગર ગજવાનું કપડું વાપરે તો ચુપ રહેવાનું ?

~ મંથન ડીસાકર (સુરત)

કલાકારી હૃદય તારી હવે માફક નહીં આવે.
સમજદારી હૃદય તારી હવે માફક નહીં આવે.

ગયા તરછોડી મઝધારે છતાં એને જ તું ચાહે;
આ ખુદ્દારી હૃદય તારી હવે માફક નહીં આવે.

કહે જે મન મને મારું અહીં તું એજ કરવા દે;
અમલદારી હૃદય તારી હવે માફક નહીં આવે.

બધું ભૂલીને શીખી જા તું થોડી બેવફાઈ પણ;
વફાદારી હૃદય તારી હવે માફક નહીં આવે.

પછી એને જ પંપાળે દરદ જે આંસુઓ લાવે;
તરફદારી હૃદય તારી હવે માફક નહીં આવે.

ગૌતમ પરમાર 'સર્જક'

થોડું રડી લઉં છું તો નિરાંત લાગે છે
સુધરેલા બાકી ક્યાં હજી હાલાત લાગે છે ?

ત્રાસી ગયો છું મહેફિલો હું માણી માણીને;
સોહામણું ફકત હવે એકાંત લાગે છે.

ભરતી રહે છે આંખમાં આ આંસુની સદા;
કાયમ મને હવે તો પૂનમ રાત લાગે છે.

રડવાનું બંધ કર બધે ઓ બેશરમ નયન;
મારા હદયને પણ હવે આઘાત લાગે છે

ક્યાં પાળ બાંધું બેવફા મારા નયન મહીં;
વ્હાલી અહીં તો અશ્રુની પણ જાત લાગે છે.

ગૌતમ પરમાર 'સર્જક'

જીવવું આ દોહલું છે, ક્ષીરધારા યાદ આવ્યા.
જીવ આજે એકલોને ચીરનારા યાદ આવ્યા.

પીડ જાણી કોણ આપે સાથ, ત્યારે તું નિભાવે,
કાલ વાતો ખૂબ ચાલી, પીર ન્યારા યાદ આવ્યા.

આંખના પાણી ઉરે આવ્યા, ધરા તરસી યુગોથી,
હેતના એ સાગરે કઈ, નીર ખારા યાદ આવ્યાં.

રાખજે બાકી સવાલો ત્યાં હશે સારા જવાબો,
જાગવાનું પણ હવે ક્યાં?, તીર તારા યાદ આવ્યા.

કોણ આવે કોણ જાશે કેમ કેવું, બોલ "કાજલ"
નામ તારું સાચવીને, વીર મારા યાદ આવ્યાં.

"કાજલ"
કિરણ પિયુષ શાહ

એ...ય...
સાંભળ.....હું મૌન થઈ ગઈ એનો મતલબ એ નથી કે હું કંઈ બોલી શકતી નથી...!

ચાલ....માની લીધું કે હું નહીં બોલું.....પણ મારો અવાજ આખા શહેરમાં ગૂંજશે.

માન્યું કે હું કંઈ જ કરી નહીં શકું....પણ ધ્યાન રાખજે આ મારા નાના...નાજુક હાથ તને પહોંચી વળવા સક્ષમ તો છે જ!

અંતે તે કર્યું પણ શું?.....મને મારીને તે તારી નપુંસકતાનો પૂરાવો જ આપ્યો ને !.....કારણ તારામાં તાકાત જ નહોતી કે તું મને એક નાની આંચ પણ આપી શકે.

આટલી જ બીક લાગતી હતી મારી....તો આવવું હતું ને ખુલ્લા મેદાનમાં.....કાયરની જેમ કેમ આવ્યો?

અને......ઘનઘોર રાતની ચીસ.....હજી પણ ગૂંજી રહી છે આ શહેરના અંધારામાં...!

~વિવેક ચુડાસમા.

વાતમાં તારણ હશે તો ચાલશે,
યાદનું એક રણ હશે તો ચાલશે.

કાબુમાં ડાલા મથાને રાખવા,
સાહસિક ચારણ હશે તો ચાલશે.

શબ્દ નફરતના હવે ના ફેંક તું,
બાણનું મારણ હશે તો ચાલશે.

જિંદગીની ખોટ પૂરી પાડવા,
એક તું સારણ હશે તો ચાલશે.

આ ગગન આખું ભલેને ના મળે,
હેતનું પારણ હશે તો ચાલશે.

ભોગ છપ્પન ક્યાં મને પણ જોય છે!,
દેવનું ઝારણ હશે તો ચાલશે.

કાજલ કાંજિયા "ફિઝા"

છોરી મન ચંચળ જેવું છે
ખુદ ને મળવું જળ જેવું છે.

સાજન વાંચી લે મારુ મન
બસ કોરા કાગળ જેવું છે.

ફૂલોને સમજે કોઈ તો
તેનું હૃદય કોમળ જેવું છે.

પથ્થર દિલ સમજું છું જેને
તો પણ મન શ્રીફળ જેવું છે.

ઈચ્છાઓ ના અશ્વો દોડે
આ મરવું ઝાકળ જેવું છે.

ગઝલો લખતાં શબ્દો રડ્યા
દર્દ હવે પોકળ જેવું છે.

રૂપાલી ચોકસી "યશવી"



માથા કાળા કરવા છે,
ભાથા ભેગા કરવા છે.

માનવ તું માનવ બનજે,
અનુભવ ભેળા કરવા છે.

રોપા રોપ્યાં રોજે જો,
વાટે છાયા કરવા છે.

પાંગરતું જીવન કેવું,
નાટક જૂદા કરવા છે.

ચાંદો સૂરજ સાથે લઈ
કવિને ગાણા કરવા છે.

ફૂલોની ફોરમ ફેલી,
નાકે કઈ તાળા કરવા છે.

કાજલ ભૂલી જગ આખું ,
હરિનામે ફાળા કરવા છે.

"કાજલ"
કિરણ પિયુષ શાહ

આજ તો હું પડી છું મારા જ પ્રેમમાં,
બોલ છેને મજાનો એ વ્હેમ ખેલમાં .

પૂર ઉમટયા વાત વાતમાં ત્યારે જ,
પાળ બાંધી બેઠી વિના પાણી ગેલમાં,

સ્મરણો તારા પહેરો ભરે હવે ચારેકોર
નાખ પાછી મને તું કઈ યાદોની જેલમાં .

વાદળી બની વરસવું હતું હૃદય પર,
આંખનો તો દરિયો તરી ગઈ રેલમાં,

સૂક્કા ભઠ વરસો ગયાં વિરહના જ્યાંરે ,
ક્યાં અનરાધાર વરસી લાગણી સેલમાં,

આજ કાલ માં સમય ગયો.. ધૂળ ચડી,
હથેળીમાં સ્પર્શના કંટક સહ્યાં પેલમાં.

કાજલ દળી દળીને ઢાંકળીમાં કર્યું ભેગું?
કિસ્મત ખેલી જશે ખેલ અનોખા મેલમાં .

"કાજલ"
કિરણ પિયુષ શાહ

પીડાની એટલે તો કળ વળી છે
ગઝલ નામે જડીબુટ્ટી મળી છે.

હવે, જલદી કોઈ કરફ્યુ લગાવો;
વ્યથા મારી બધી ટોળે વળી છે.

થશે શું, આગ ભીતર ઓલવીને ?
હજી તો ટેરવે દિવાસળી છે.

કોઈ સમજાવી એને પાછી વાળો;
વગર સરનામે ઈચ્છા નીકળી છે.

ન નીકળ નાવ લઈ સફરે પ્રણયની;
હજી ક્યાં ઘાત પાણીની ટળી છે ?

ગૌતમ પરમાર ‘સર્જક’

मैं और तुम
वृत्त की परिधि के
अलग अलग कोनों में
बैठे दो बिन्दु हैं,
मैनें तो अपनें
हिस्से का अर्धव्यास
पूरा कर लिया ,
क्या तुम केन्द्र पर
मुझसे मिलनें के लिये आओगे

नही आओगे
मुझे पता है
क्युकी तुम अपनी
शर्तो पे मुझे चाहते हो
जो भी हो
मै उस वक्त तक इंतजार करुंगी
जब तक कि
तुम स्वकेन्द्री होना छोड न दो

©हेमशीला माहेश्वरी'शील'

મનના એક ખૂણે
સાચવી રાખી છે
એ તમામ
કહી - વણકહી વાતો. ..

થોડીક જે મે તને કહી
થોડીક જે તું કહેતા કહેતા
અટકી ગયો

મળીશ જ્યારે
ત્યારે ફરીને બધી
સંભાળાવીશ તને

કેમકે. ...
તને કાંઈ યાદ નથી રહેતું
ને હું કાંઈ ભૂલતી નથી

©હેમશીલા માહેશ્વરી'શીલ

ગીત...

જામ્યો છે નોરતામા ગોપીઓનો રાસ અને રાધા તો ભૂલી ગઈ ભાન,
પણ, વોટ્સએપમા રુંધાયો ક્હાન !

ઝાન્ઝર ઝણકાર અને કંદોરો કેડનો ને છલકાતુ યૌવન ને રાધાનુ રૂપ,
સઘળુ સમાયુ છે આંગળીના ટેરવામા, આ સૌ તો ક્હાનાના ગ્રુપ.
વૃન્દાવન આખ્ખુયે મેસેજથી ઊભરાતુ, ગોવર્ધન શણગારે વાન.

ચારેકોર રેલાતા ગરબાના તાલ, ક્હાનો હેન્ડ્સ ફ્રી મૂકે તો કૈક સાંભળે,
વાંસળીના સૂર મૂક્યા મેસેઝિસ ટોનમા ને ગોકુળીયુ એને ક્યા સાંભરે !
સોળે શણગાર સજી, ગરબામા ઘુમંતી, ગોપીઓના પગરવ વેરાન.

રાધા ને ગોપીઓ તો રોકાયા રાસમા, શ્યામ સાથે વાત કોણ કરતુ ?
મીરાના વિસ્તરતા એકાન્તે, મન એનુ નોરતા ઉજવવા તરવરતુ ,
શ્યામ સાથે વાત, એજ એની નવરાત, જ્યાથી થઇ જાતુ દિલનુ સંધાન.
એથી, વોટ્સએપમા રુંધાયો ક્હાન...

- દીપક મહિડા 'દર્પણ'



ચાડિયો

હાથ ફેલાવી ઉભો છું
સ્થિર,અડીખમ ને મૌન
જે દેખાતું તે જ કહેતો હું...
કલરવ કરતા પંખીઓ દુર દુર છે..
સાંભળુ છું રોજ તેમને
ઝીણા અવાજમાં!
ખેતરના શેઢે એક પંખી બચ્ચાને કહેતું',
વચ્ચે જે છે ત્યાં જઈશ નહી, કેમ?
 તે સારો નથી માટે
પણ તે છે કોણ?
  તે 'ચાડિયો' છે!
મારી આંખોમાં હજીય ઝરમર છે.

- મેહુલ સોની 'સાહેબ'



શબ્દસર્જન

શબ્દ – ગણપતિ

સુત્રધાર – ઉર્વીશ કે સવાણી

ગણેશજી મુજ વાલહા... રે....(૨)
કૃપા કરો નિજ દાસ,
હો.... સંભારો નિજ દાસ.......
ગણેશજી ... ૧

પ્રથમ પહેલાં સાંભરે ... રે......(૨)
સ્મરણ કરું કર જોડ,
હો.... સફળ થાયે નિજ કાજ.....
ગણેશજી ... ૨

આપ છો દુ:ખ હર્તા .... રે......
મુખ દીઠે સુખ હોય,
હો.... મનમંદિરમાં આવી વસો ......
ગણેશજી ... ૩

ઊમા - પાર્વતી નંદ.... રે......
રિધ્ધી સિધ્ધી ના કંથ,
હો.... અરજ સુણો મુજ નાથ........
ગણેશજી... ૪

દૂર્વા, જાસુદ, મોદક... રે......
આવો મુષક અસવાર,
હો..... જગત નો આધાર.......
ગણેશજી... ૫

હું તો, લળી લળી લાગુ પાય ... રે....
સાથે લઈને શુભ- લાભ,
હો... દર્શન દ્યો ને દયાળા......
ગણેશજી... ૬

~ અલ્પા વાસા

પાટ પર પહેલા પધારો શ્રી ગણેશા,
હું વગાડું એકતારો શ્રી ગણેશા !

ત્યાં લગી તો આવવા માટે અમોએ,
શબ્દનો લીધો સહારો શ્રી ગણેશા.

અર્થ આપો ધૂપ ને ગૂગળ સરીખા,
મ્હેંકને ચોગમ પ્રસારો શ્રી ગણેશા !

રોજ વિકટ વારતા બનતી રહે છે,
આપદા સઘળી નિવારો શ્રી ગણેશા !

ધન્ય થાશું એક તાજું ફુલ મળતાં,
કંટકોનો છે પથરો શ્રી ગણેશા !

આપણામાં એક માણસ થાય બેઠો,
આપજો એવા વિચારો શ્રી ગણેશા !

આ ગઝલ બાજોઠ પર મૂકી અમે તો,
'દર્દ'ની ગઝલો મઠારો શ્રી ગણેશા !

~ શિવજી રૂખડા "દર્દ"



ડોક્ટર કહે છે- ગણપતિ બાપા,વજન ઉતારો ,ચાલો.
આડેધડ મોદક આરોગી કેટલું ફૂલોફાલો ?! ....
ડોક્ટર ૦

સૌથી પહેલા પૂજાઓ છો...નિયમ પણ પાળો પહેલા !
મૂષક-વાહન છોડી ચાલો,દસ ડગલાં,અલબેલા !
લંચ પછી સુવાનું કેવું ? છોડો પ્રમાદ ઠાલો ....
ડોક્ટર ૦

સ્વાદ ઉપર સંયમ રાખીને થોડુંક ઓછું ખાવ !
વજન ઘટાડી, સ્ફૂર્તિ વધારી , હળવા થઇ હરખાવ !
બબ્બે સ્ત્રીની જવાબદારી ! નિશ્ચિતપણે કાં મહાલો ?!...
ડોકટર ૦

તીણી દ્રષ્ટિ, ઝીણી બુદ્ધિ,કાન પણ સરવા સારા.
ફીટ એન્ડ હીટ રહેવાને માટે થોડા કરો સુધારા.
લીંબુ-મધ-સૂપ-સલાડ સેવો..ખાઓ ભાજીપાલો ....
ડોકટર ૦

~ બકુલેશ દેસાઈ

વ્હાલા ભક્તો બે દિવસ પહેલાં
બરોબ્બર ...
સાડા બાર વાગ્યે
કૈલાશ સ્ટેશને ઊતર્યો
ને એટલો થાકી
ગયેલો કે...
ગૌરી માંના લાડવા ન ખાતાં
ખાલ્લી કાજૂ, બદામનાં
ટૂકડાં કાઢી..કાઢી..
ખાધાં
ને આ..હ..આ..હ...
'સમંદર 'સ્ટેશનમાં પર
માછલાં થી ભટકાવામાં
કમ્મર અકડાઈ ...
વળી તમારાં પે'લા ડી.જે થી..
કાન માં'ય પડઘાં પડી ગ્યા છે..
અ઼ોલ્યા , રંગબેરંગી કલર વાળાં
' મોદક ' વધારે ખવાઈ ગ્યા સે ..
ને પેટ ગબડ્યું છે.
અલ્યા , સાંભળ
આંખમાં લાલ,પીળા રંગો જ
દેખાય સે..
ચાર.નંબર નાં ચશ્માં
ના'વે તો સારૂ !!!
તમારાં ' લંબોદર ' ના
વ્હાલ ભર્યા
'જય ગણેશ '
જલ્દી સાજો થાઉં માટે 'બે'
અગરબત્તી વધારે કરજો...
(અછાંદસ હાસ્ય કાવ્ય)

~ પરમાર ધાર્મિક "ધર્મદ"

એક રચના.... સ્વયં લેખકના નામે...

....ને એક હું સુલતાન છું,

એક મારું નામ છે ને એક હું સુલતાન છું,
વિશ્વ મારું ગામ છે ને એક હું સુલતાન છું,

દોડતું કાયમ રહે છે મન અને મારું મગજ,
પંડને આરામ છે ને એક હું સુલતાન છું,

કોઈના રીસામણા ને કોઈના મનામણા,
ખુબ અઘરું કામ છે ને એક હું સુલતાન છું,

ઝળહળી જાશે અમારા અક્ષરો વાંચી જુઓ,
પ્રેમના પયગામ છે ને એક હું સુલતાન છું,

જ્યાં સુતો છું ત્યાં મને ઢંઢોળવા ન આવજો,
આખરો વિશ્રામ છે ને એક હું સુલતાન છું,

~ સુલતાન લોખંડવાલા

[Source :- સોશિયલ મીડિયા]

તમારી જાત ને ઓળખો



ઘણા બધા લોકો પોતની જાત માટે નાનપ અનુભવતા હોય છે, તે લોકો બીજાને પોતાના કરતાં ચડિયાતા અનુભવતા હોય છે. આજના આ ઝડપી યુગમાં કોઇને નાનપ અનુભવવાની જરૂર નથી કારણ કે બધામાં કોઇને કોઇ એવી ક્ષમતા જરૂર રહેલી હોય છે, જે બીજાઓમાં હોતી નથી. સૌપ્રથમ તો પોતાને ઓળખતા શીખો, કે તમે દુનિયા માટે કેટલા મહત્વના છો. કોઇ એવું કામ કરો કે જેમાં તમને મજા આવે, અથવા તે કામ કરતાં તમે કદી થાક ન અનુભવો. પોતની અંદર રહેલી કળાને ઓળખો અને ઝડપથી બહાર લાવો. દરેક માણસમાં અમુક તો ગુણો એવા રહેલા જ હોય છે, જે બીજાઓમાં નથી મળતા. માત્ર અને માત્ર તેને ઓળખવાની જરૂર છે. ઘણા લોકો એમ માને છે કે મારા પોતનામાં એવું કોઇ ટેલેન્ટ નથી રહેલુ, પરંતુ એવુ નથી હોતુ. માણસોમાં ટેલેન્ટ તો ઘણું હોય છે, પણ તેને ઓળખતા નથી અથવા ખબર જ નથી હોતી કે આને કળા અથવા ટેલેન્ટ કહેવાય, તો હું તમને એવા નામ સુંચવુ છું કે જેને તમારી એબીલીટી કહી શકાય જેમ કે,

લખવાની કળા, બોલવાની કળા, સામેવાળી વ્યકિત ને પોતની વાત મનાવડાવવાની કળા.

આ તો માત્ર સામાન્ય જ છે. આવી તો ઘણી બધી ન ગણી શકાય તેવી અગણિત કળાઓ રહેલી છે. માત્ર તેને એક જ જરૂર છે તે છે માત્ર એને ઓળખાવાની.

ઘણા એવા ઉદાહરણ પણ છે કે જેને માત્ર ટાઇમપાસ ખાતર કરેલા કામથી આજે દુનિયામાં નામના મેળવી છે. જેમ કે, ફેસબુક આજ કરોડો લોકો તેનો ઉપયોગ કરે છે. માર્ક ઝુકરબર્ગ કે જેમણે માત્ર પોતના અમુક મિત્રોની સાથે જોડાવવા બનાવેલી સોશિયલ સાઇટ આજે ઘણી પોપ્યુલર છે, આવા તો ઘણા બધા ઉદાહારણ લઇ શકાય છે.

અત્યારે માણસો ને મહેનત કરવી ગમતી નથી, અને બધુ જ તૈયાર અથવા નસીબના આધારે મળી રહે તેવું લોકો ઈચ્છતા હોય છે. તો એવુ શક્ય જ નથી, એટલે જ ઉપર કહ્યુ તેમ તમારી જાત ને ઓળખો અને ગમતું કામ કરો. તેનાથી તમને કામ કરવાની મજા આવશે અને કદી કંટાળો નહી આવે. જેમ ક્રિષ્ન ભગવાને કહ્યું છે, "કર્મ કરો ફળ ની ચિંતા ના કરો બાકી ફળ મળી રહેશે.

હજારો વાર કોશિશ કરી જોઇ, જંપી લીધા બાદ તે અવશ્ય જીતી આવ્યો,
નસીબ લકીર જેવુ કશું જ નથી, કર્મ કરી તેનુ ફળ જીતી આવ્યો....
~ હિરેન સોરઠિયા

તો કહેવાયું છે તેમ કર્મ કરો અને બીજુ ટેન્શન છોડી દો.આ જમાનો હરીફાઈનો છે તેથી તમારે વારંવાર મુશ્કેલી નો સામનો કરવો પડતો હોય તો તમે હાર ના માનો. તમારી જાત ઉપર તમે વિશ્વાસ રાખો .જ્યારે કીડી પણ ખાવાનું લઈને ચડતી હોય અને તે પણ અનેક વખત પડતી હોય અને કોશિશ કરતી હોય છે અને અંતે તેને સફળતા મળતી હોય છે. તેવી જ રીતે આપણે પણ નિષ્ફળતા મળે તો હાર ન માનવી જોઇએ અને સફળ થઈને જ જંપવુ જોઈએ.

ટેક્નોલોજીના યુગમાં ઘણા ઓનલાઈન સ્કોપ વધ્યા છે, પરંતુ ટુંકા નોલેજના કારણે ખાલી માણસો વોટ્સએપ જ ઉપયોગ કરી જાણે છે પરંતુ એમેઝોન જેવી કંપનીઓ ઓનલાઈન સ્તર ઉપર કેટલુ વેચાણ કરે છે તો એક નાનો આઈડિયા કે આવડત કેવુ મોટું સ્વરૂપ ધારણ કરી લે છે તે આપણે જોઈ શકીએ છીએ. માત્ર જરૂર છે પોતની અંદર રહેલી તાકાત ને બહાર લાવવાનો અને કંઈક એવુ કરવાનો કે કોઈએ ક્યારેય કર્યુ ન હોય અને વિચાર્યું પણ ના હોય.અત્યારની દુનિયા બધું જ અપનાવા તૈયાર થાય છે માત્ર આપણે આપવાનું છે. તમારો નાનો વિચાર તમને ક્યાંય પહોંચાડી દેશે.

અત્યાર ની યંગ જનરેશન મોટીવેશનલ વીડીયો કે લેખો બહુ જોતા અને વાંચતા હોય છે પરંતુ તે અમુક સમયે પુરૂ થઈ જતુ હોય છે. જ્યાં સુધી તમે પોતે તૈયાર નહીં હો મિત્રો કશું જ થઈ નહિ શકે. જરૂર છે માત્ર એક પગથિયું ચડવાની, બીજા આપોઆપ

ચડવા તૈયાર થઈ જાશો.ક્રિકેટર જ્યારે મેદાન ઉપર આવે છે ત્યારે તે તૈયાર નથી હોતો રમવા માટે પરંતુ તે જ્યારે એક અથવા બે ઓવર રમીને સેટ થઈ જાય ત્યારે સિક્સ અથવા ચોક્કા મારી વાહ વાહ મેળવતો હોય છે.તેની જેમ જ આપણે માત્ર એક નાની શરૂઆત કરવાની છે. જો યોગ્ય અને સારૂ કરશો તો અવશ્ય તમે સફળ થશો.

ઘણા લોકો માત્ર ભણવા ઉપર આધાર રાખતા હોય છે.અત્યાર ની હરીફાઈ જોતા માત્ર એજ્યુકેશન થી કશું જ નહી થાય. કંઈક અલગ આવડત કેળવવી પડશે. જેનાથી કલોકો તમને લેવા માટે તૈયાર થાય અથવા તમને એક્સપ્ટ કરે. માત્ર શાંતિ થી વિચારો અને તમારા એ કામથી પ્રભાવિત થઈને વખાન કર્યા હોય. બની શકે એ કામ માત્ર તમે જ સારી રીતે કરી શકતા હોવ. જરૂરી નથી પરંતુ વિચારો તો ખરા !

સ્વામી વિવેકાનંદે એક સૂત્ર આપ્યુ છે કે, “ઊઠો જાગો અને ધ્યેયપ્રાપ્તિ સુધી મંડ્યા રહો.” પરંતુ અત્યાર ના લોકો નક્કી જ નથી કરતા કે શું કરવુ તો મંડ્યા શેમાં રહેવું? આ જ પ્રશ્ન છે. આ જીવનનો તો માત્ર તમે તમારા કામમાં નિપુણ બનો કે કોઈ તમારી સાથે હરીફાઈ ન કરી શકે. કોઇએ કહ્યું છે, “ જે કરો તે બેસ્ટ કરો તો વિચાર કરો એ પણ સારો જ કરો નબળો શું કામ? ” જો તમારે જીવન ને ઊંચાઈ થી જીવવું છે તો કંઈક કરી બતાવવું પડશે, અન્યથા દુનિયા માં કીડી-મકોડા મરે છે તેવી રીતે માણસો આવે અને જાય છે પરંતુ છાપ એ જ છોડી જાય જેણે કંઈક કરી બતાવ્યું હોય દા.ત. ધીરુભાઈ અંબાણી અને આવા અનેક વ્યકિતઓ જેમને દુનિયાને તેમજ સમાજને કંઈકને કઈ આપ્યું હોય.

અમુક અંશે જાતને ઓળખતા શીખો કે તમે શું છો અને કેવી રીતે સમાજ ને તમારુ યોગદાન આપી શકો છો જે એક પોલિસમેન પોતાની ફરજ બજાવી ને યોગદાન આપે છે, એક લેખક સારૂ લખીને યોગદાન આપે છે એવી જ રીતે વિચારો કે તમે આ સમાજ ને શું આપી શકો છો?

જો તમે ખુદ ને નથી ઓળખતા તો બીજાને શું ઓળખવાના? આજ ની દુનિયા બહુ સ્વાર્થી છે. ખાલી વાતો કરવાથી કશું જ નહી થાય અને જો તમે પોતાને ઓળખી ચુંક્યા હોવ અને તો પણ રાખ બરાબર છે. આમ તમે પોતની તાકાત નો એવી જગ્યાએ ઉપયોગ કરો કે જે દેશને અને સમાજને કંઈક કામ માં આવે અન્યથા ધુળ બરાબર છે.

અમુક એવી વાત થી તમે તમારી જાતને ઓળખી શકશો :-

વાત – નિરમા કંપનીના માલિક કરશનભાઈ ઘરે ઘરે સાબુ વેચવા જતા શુ તેમને શરમ નહી આવતી હોય. તેણે પોતે હિંમત કરી નવું સ્ટાર્ટ અપ શરૂ કર્યું અને ઘણી મહેનત પછી નિરમા કંપનીની સ્થાપના થઈ. આજ ઘણા એવા લોકો હશે જે આવો બિઝનેસ કરતા હશે, પરંતુ તે લિમિટેડ પીરિયડ સુધી જ કરશે. તો વિચારો અને તેમા કંઈક મોટું કરો તો તમે પણ સફળ થઈ શકશો.


આવી તો બીજી ઘણી સ્ટોરીઓ તમે સાંભળી હશે કે જે તમારા જીવન સાથે મેચ થતી હશે. ઘણા લોકો નસીબ ઉપર નાખી ને બેઠા હશે. ઘણા નસીબ મા માનતા પણ ના હોય. જે પણ હોય મિત્રો ઓળખો ખુદને, વિચારો અને પ્રયાસ કરો સફળતા સુધી પહોચવાનો ...

કિસ્મત કો મત દેખ એ મેરે દોસ્ત ,
તુ હૈ તો કિસ્મત હોગી ,
વરના લકીરે હાથો કી ,
મત સમજના મામુલી ઈન લકીરો કોં ,
જબ ચમકેગી તો પુરી દુનિયા દેખતી રહ જાયેગી ...

~ હિરેન સોરઠિયા

[સંપૂર્ણ લેખન સ્વયં લેખકના શબ્દોમાં જ દર્શાવેલ છે.]

જીવન



મધમધતાં પુષ્પરૂપ છે આ જીવન,
આપતાં શબ્દરૂપ બને સુંદર કવન.

-મનન

જીવન એ ખુશીઓને ખ્યાલો, લાગણીઓ, આનંદ-ઉન્માદ, ઉત્સાહ ને ઉત્સવો, સમસ્યાઓ ને સંકટો, વેદનાઓ ને વ્યથાઓ વગેરેથી સભર છે. સફળતાઓ છે. સંઘર્ષ પણ છે, નિષ્ફળતાઓ છે, નિરાશા પણ છે,

જીવનનો કોઈ એક અર્થ મેળવી ન શકાય.... કારણ એ દરેકની નજરથી જોવાતું હોય છે... જીવાતું હોય છે..... પરંતુ જોવા જઈએ તો એ બધું જ જિંદગી છે.

જીવન...એના શબ્દાર્થમાં જ અભિવ્યક્ત પામે છે,
જી.. વન - વન જેવું હોય છે. સમય આવે તેમાં હરિયાળી આવે છે. વસંતની જેમ ખીલી ઊઠે છે, મધમધતી સુગંધે મ્હોરી ઉઠે છે.
તો વળી એને પાનખરનો પણ સામનો કરવો જ પડે છે.. પરંતુ જેટલું ખરે છે એટલું જ વધુ ખીલે છે.
આ વનરૂપી જીવનમાં પાનખરરૂપી વ્યથાઓ છે, ઉબડ-ખાબડ ઝાડી-ઝાંખરા જેવી ઝંઝટ પણ છે,
શીતળ મંદ સમીર તણાં મીઠા સંબંધો પણ છે અને વૈશાખી વાયરામાં ઉદ્ભવતા વંટોળ પણ હોય જ છે.
કાંટાળી કેડી પણ હોય છે અને પથરાયેલ ફૂલોની રાહ પણ.

એ ઝરણાંનાં મીઠા સંગીત જેવું પણ લાગે છે અને ઊંચી ભેખડો જેવું જડ પણ ભાસે છે.
તે દૂરથી દેખાય એવાં ડુંગરા જેવું રમણીય પણ છે અને અડાબીડ ઘેરાયેલ જંગલ જેવું બિહામણું પણ છે...પહાડો સમ જવાબદારીઓથી ભરેલું છે તો વળી અનાયાસ ઉગી નીકળતા તૃણ જેવું સહજ પણ છે જ.

સફરમાં આગળ વધવા ક્યાંક કાપવું પડે છે તો કંઈક ઉગાડવું પણ પડતું હોય છે. ક્યાંક આશ્રય પણ લેવો પડે છે તો ક્યાંક અડગ બની આગળ વધવું પડતું હોય છે.

એમાં ઉગતા સૂરજનો ઉજાસ પણ છે તો ઢળતી સાંજનો અંધાર પણ છે.
ક્યાંક હિંસક પ્રાણીઓના ડરામણાં અવાજો જેવું છે તો ક્યાંક પક્ષીઓના મધુર કલરવ જેવું છે આ જીવન.
પ્રકૃતિ જીવન છે જ..

પરંતુ જીવનની પ્રકૃતિને જાણવાની ને જીવવાની જરૂર છે. જીવન એક વન છે, એને ઉપવન પણ બનાવી શકાય, જીવન કવન પણ છે.. નક્કી આપણે કરવાનું છે કે એ સીધું-સાદુ નિરસ બનાવવું કે તેને કાવ્યાત્મક રસિક બનાવવું છે? જેમાં લય હોય, ઢાળ હોય, સંગીત હોય અને રસમધુર હોય.

જીવન શબ્દાર્થ જ કહી રહ્યો છે જાણે..... જી-વન... આ આ જીવન એક જ વખત મળ્યું છે.. વીતેલી ક્ષણો પાછી મળશે નહીં... એને જીવવાનું છે એક જ વાર. માટે જ જીવનને જાણવા કરતાં જીવવાનું અને માણવાનું હોય છે.

ઉતાર-ચઢાવરૂપી છે આ ખાણ,
જિંદગી ને જીદથી જીવી જાણ.

મનુ.વી.ઠાકોર ‘ મનન’



નાગદમણાંષ્ટક

નદી તટે ભુજંગ નામ કાલ નાગ આવતો,
સ્વ તન્ન ઝેર પાથરી નદી બધી વિકારતો,
સખાય સંગ જાદવા સુધેનને ચરાવતાં,
નદી મહી કુદી પ્રભો ભુજંગને ભગાવતાં...||૧||

કરે કરે પ્રહાર પૈર પુંચ્છ પે જગાડવા,
વળે વળે ઘટાળ મૂચ્છ નીંદને ઉડાડવા,
કરી વિને ભુજંગના કહાન બાળ વાળતાં,
નદી મહી કુદી પ્રભો ભુજંગને ભગાવતાં...||૨||

જતાં જનો નદી તટે મરે ધરી મુખે જલા,
ન બથ્થ ભીડતું તહીં સહી રહે બધું ભલા,
કટી કસી ધમાલ કાન ત્રાડ સિંહ પાડતાં,
નદી મહી કુદી પ્રભો ભુજંગને ભગાવતાં...||૩||

ન ગામ એવુ કો' નથી લડે લડે ભુજા ભરી,
રહે સહે ડરી જના પ્રકોપને મને ધરી,
કરી બહાદુરી લડાઈ જુદ્ધ ઝંપલાવતાં,
નદી મહી કુદી પ્રભો ભુજંગને ભગાવતાં...||૪||

કુફાડતો ભુજંગ ફેણ ક્રોધ લાલચોળથી,
ડરે છતાં મુખે ધરે અપૂર્વ હામ ડોળથી,
ઝુકે નહીં સમર્થ એકમેકને મથાવતાં,
નદી મહીં કુદી પ્રભો ભુજંગને ભગાવતાં...||૫||

કરે પ્રહાર ફેણમાં ભરેલ ઝેર ક્હાનપે,
કરે પ્રહાર મુષ્ટિ ક્હાન શ્યામ નાગ વાનપે,
ધરા હલે હલે ત્રિભોમ ત્રાડ જે ગજાવતાં,
નદી મહીં કુદી પ્રભો ભુજંગને ભગાવતાં...||૬||

પ્રચંડ ચંડ ભંગ ચૂર છે ઘમંડ નાગનું,
ધરી સ્વરૂપ કૃષ્ણએ ઝનૂન એવુ વાઘનું,
ફલાંગ મસ્તકે કરી ફણી તળે દબાવતાં,
નદી મહીં કુદી પ્રભો ભુજંગને ભગાવતાં...||૭||

વિને વિને ભુજંગના ક્ષમા કરો ક્ષમા કરો,
ન ઓળખ્યાં પ્રભો અમે મને જરા દયા ભરો,
કહી ભુજંગ વંશ સૌ શુભત્વ તત્ત્વ પાવતાં,
નદી મહીં કુદી પ્રભો ભુજંગને ભગાવતાં...||૮||

-ભાવિન દેસાઈ 'અકલ્પિત'
છંદ :- નારાચ (પંચચામર)



કાયદો કેવો હોવો જોઈએ...?

કાયદો વાસ્તવિક પણે ન્યાય આપે એવો હોવો જોઈએ, પછી ગુનેહગારને ન્યાય અને બેગુનાહને અન્યાય મળે ત્યારે કાયદા પરથી વિશ્વાસ ઉઠવો સંપૂર્ણ સાચો છે. એવી સ્થિતિમાં સંવિધાન પર શંકા કરવાનો આરોપ મુકાય એ ક્યારેય યોગ્ય ન ગણાય. અને શંકા થાય એનો આરોપ અયોગ્ય પણ ન ગણાય.

કાયદો હંમેશા તટસ્થ હોવો જોઈએ સ્ત્રી અને પુરુષને એક સમાન સ્થિતિમાં જોનારો, અમીર ગરીબને એક નજરે જોનારો, નેતા અને પ્રજામાં ભેદ ન કરનારો, સામાન્ય નાગરિક અને વિશિષ્ટ નગરિકમાં સમાન વ્યવહાર જાળવનારો, અને જરૂરિયાત મુજબ લચીલો(એટલે કે કાયદો ક્યારેય જડ પણે વર્તન કરતો ન હોવો જોઈએ) પણ હોવો જોઈએ.

કાયદાઓ અને સંવિધાન પ્રજાને એકસમાન અધિકાર મળે એ હેતુથી બનાવવામાં આવ્યો છે. એટલે જ્યારે જ્યારે કોઈ બેગુનાહ વ્યક્તિ કાયદાઓમાં ગુનેહગાર સાબિત થાય છે અથવા એને સાબિત કરવામાં આવે છે ત્યારે કાયદો અને સંવિધાન પોતાનું આત્મ સ્વમાન ગુમાવી બેસે છે.

કાયદો અને સંવિધાન દેશની સરકાર દ્વારા એવા પરિપ્રેક્ષ્યમાં લેવો જોઈએ જે રીતે એક વ્યક્તિ માટે પોતાનું સ્વમાન હોય છે. કારણ કે જ્યારે જ્યારે કાયદાના નામે ભ્રષ્ટાચાર અને અત્યાચાર થાય છે ત્યારે ત્યારે સંવિધાન અને કાયદાઓ પોતાના હેતુથી વિરુદ્ધ વર્તન કરે છે એવું લાગે છે, અને ત્યારે એનો દરેક વ્યક્તિને સમાન અધિકાર અને ન્યાય આપવાનો હેતુ નષ્ટ થઈ જાય છે. અને જ્યારે કોઈ પણ તત્વનો મૂળ ધ્યેય જ નષ્ટ થાય ત્યારે એ તત્વની અસ્તિત્વતા પણ નષ્ટ થઈ જાય છે.

કાયદો માનવ અધિકારો પર પ્રહાર કરે ત્યારે એવુ લાગે કે અંતર યુદ્ધ થઈ રહ્યું છે. જે દેશનું તંત્ર (પછી એ કોઈ એક નાનકડા સરકારી અફસારના સ્વરૂપે જ કેમ ન હોય) સંવિધાનની મર્યાદાને જાળવી નથી શકતું, ત્યારે એવા વ્યક્તિની કાયદા પાલન કરાવવાની સ્થિતિ પણ સંવિધાન અને કાયદાનો ભંગ જ ગણાય છે.

જેમ કે... કોઈ પ્રદેશમાં કરોડોનું બે નંબરનું કાઈ પણ કાળું કામ થતું હોય ત્યારે હપ્તા ખાઈને આખું તંત્ર શાંત બેઠું હોય અને પછી અચાનક હજાર રૂપિયાની ચોરી પર એજ તંત્ર કાયદાની પોક મૂકીને નાટક કરી કરીને પોતાની ફરજ બજાવવાનું જુઠ્ઠું બીગુલ બજાવે ત્યારે એ તંત્ર કે વ્યક્તિ માત્ર ભ્રષ્ટાચાર નથી કરતો પણ, દેશના સંવિધાન અને કાયદાઓ પર એવી છાપ મૂકે છે કે કાયદો અને સંવિધાન એમના કરતા ઊંચું નથી. એ લોકો જેમ ચાહે સંવિધાન અને કાયદો બનાવી શકે છે, તોડી શકે છે મરોડી શકે છે. એમને રોકનાર કોઈ નથી પણ, જો સામાન્ય વ્યક્તિ જે એમના કરતા નીચું છે એ એને સ્પર્શ પવન કરશે તો એને એ નહીં છોડે. કોઈ ઓણ ભોગે એ એને કાયદાનો રક્ષક ગણાવી સ્પર્શનારને ગુનેહગાર બનાવી દેશે...

■ **વાસ્તવિક રીતે સંવિધાન અને કાયદાનો ભંગ શુ છે...?**

★ દારૂબંધી વાળા રાજ્યમાં ખુલ્લેઆમ દારૂ વેચાય અને દરેક સરકારી ખાતા દ્વારા શ્રેણીબદ્ધ રીતે હપ્તાઓ ઉઘરાવાતા હોય ત્યાંના મુખ્યમંત્રી દ્વારા દારૂબંધી અને ગાંધીના ગુજરાત જેવા શબ્દો બોલીને મરાતા ફાંકા એ પણ સંવિધાન અને કાયદાઓનો ભંગ છે.

★ સરકારી અફસારોની દરેક એવી હરકતો જે એમના અધિકારમાં ન હોવા છતાં આચરવામાં આવતી દરેક હરકત સંવિધાન અને કાયદાઓનો ભંગ છે.

★ સરકારી તંત્રો દ્વારા અપાયેલા વાયદાઓ પુરા ન થવાની સ્થિતિ પણ સંવિધાન અને કાયદાઓનો ભંગ છે.

★ આરોપ કોર્ટ દ્વારા સાબિત ન થાય ત્યાં સુધી કોઈ પણ વ્યક્તિને આરોપી સમજાવો એ પણ સંવિધાન અને કાયદાઓનો ભંગ છે.

★ પોલીસ દ્વારા બોલાતી એક એક અભદ્ર ગાળ સંવિધાન અને કાયદાઓનો ભંગ છે.

★ નિયત વર્ષોની મુદ્દત પર તૈયાર થતા સરકારી પ્રોજેક્ટો એના અડધા સમયના આયુષ્ય પહેલા જ દમ તોડી દેતા હોય એવી સ્થિતિ પણ સંવિધાન અને કાયદાઓનો ભંગ છે.

★ નેતાઓ દ્વારા થતા ભ્રષ્ટાચારની ભાગીદારી પણ સંવિધાન અને કાયદાઓનો ભંગ છે.

★ સ્ત્રીઓ પર પડતી દરેક ખરાબ નજર સંવિધાન અને કાયદાનો ભંગ છે.

★ સરકારી હોસ્પિટલો દરેક શહેરમાં હોવા છતાં કેટલાય ગરીબોની પૈસાના અભાવે થતી મૃત્યુ સંવિધાન અને કાયદાઓનો ભંગ છે.

★ સરકારી ઓફિસર દ્વારા લેવાતા ચા પાણી માટેની ઓછામાં ઓછી રીશ્વતના પૈસા પણ સંવિધાન અને કાયદાઓનો ભંગ છે.

★ દેશના કોઈ પણ ખૂણામાં કોઈ પણ વ્યક્તિ દ્વારા થતો ગંદકીનો પ્રયાસ સંવિધાન અને કાયદાઓનો ભંગ છે.

★ દરેક એવો વિચાર કે જે દેશની અસ્મિતાને નુકશાન પહોંચાડવાના પ્રયાસને જન્મ આપે છે, એ સંવિધાન અને કાયદાઓનો ભંગ છે.

★ સરકારી તંત્રોમાં થતી ભરતીઓમાં રેફરન્સ, ઓળખાણ, લાંચ રૂશ્વત દ્વારા થતી દરેક વ્યક્તિની ભરતી એ પણ સંવિધાન અને કાયદાઓનો ભંગ છે.

★ દેશના દરેક વ્યક્તિને પડતી સરકારી તંત્ર દ્વારા મુશ્કેલીઓ સંવિધાન અને કાયદાઓનો ભંગ છે.

★ દરેકે દરેક રાજકીય વ્યક્તિઓ તેમજ સરકારી ઉચ્ચ કર્મચારીઓની આવકમાં થતો એક રૂપિયાનો પણ ૨ નંબરી વધારો સંવિધાન અને કાયદાઓનો ભંગ છે.

★ ભારતના કોઈ પણ ખૂણામાં, કોઈ પણ નાની મોટી બાબત માટે કોઈ પણ લેવલના માણસને અપાતી ગુસખોરી સંવિધાન અને કાયદાઓનો ભંગ છે.

★ કોઈ વ્યક્તિના માનને ઠેસ પહોંચાડવાના હેતુથી ઉતારી પાડવો એ પણ સંવિધાન અને કાયદાઓનો ભંગ છે.

★ કોઈ પણ સ્થિતિમાં લોકશાહી અને માનવ અધિકારો ઓર મરાતી સરકાર દ્વારા તરાપ સંવિધાન અને કાયદાઓનો ભંગ છે.

★ સરકારી કર્મચારી પોતાને પ્રજાથી ઉપરી સમજવાનો પ્રયાસ કરે એ પણ સંવિધાન અને કાયદાઓનો ભંગ છે.

★ કોઈકના અંગત જીવનમાં દખલગીરી કરવી એ પણ સંવિધાન અને કાયદાઓનો ભંગ છે.

★ આ બધું લખીને વાસ્તવિકતાને તટસ્થ ન વિચારી શકે એવા લોકો સામે છતી કરવી, એ પણ સંવિધાનમાં અપાયેલા અધિકાર ક્ષેત્રમાં આવતી હોવા છતાં ઇચ્છિત પરિસ્થિતિઓમાં સંવિધાન અને કાયદાઓનો ભંગ છે.

-:● કટાક્ષ ●:-

ભારતીય સંસ્કૃતિથી જડ પણે જોડાયેલી સરકારના રાજમાં મુક્ત વિચારે જીવવું, કોઈ ધર્મના લેબલને ન લગાવવું, નાસ્તિક હોવું, તટસ્થ વિચારવું, સામાન્ય પરિવારમાં જન્મ લેવો, મધ્યમ વર્ગ અથવા ગરીબ પરિવારના હોવું, અને પોતાના અધિકારોને એક સમાન હોવાના સંવિધાનીક દાવા મુજબ માંગવાની કોશિશ કરવી એ બધું પણ સંવિધાન અને કાયદાઓનો નૈતિક ભંગ ન હોવા છતાં, એને સરકાર અને એના ચાકરો દ્વારા કોઈક ને કોઈક સ્થિતિની ઓથ લઈ સંવિધાન અને કાયદાઓનો ભંગ અનૈતિક રીતે ગણવામાં અને ગણાવવામાં આવે જ છે.

~ સુલતાન સિંહ 'જીવન'

(૦૯:૫૦ am, ૧૭ સપ્ટેમ્બર ૨૦૧૭)

નવરાત્રી વિશેષાંક

શિવ ભક્તિના સરવડાથી ભક્તોને સરાબોળ કરતો શ્રાવણ ગયો. ને ભાવથી ભરેલો ભાદરવો, ગણપતિ ઉત્સવ અને પિતૃદેવતાની પૂજાનાં પડઘમ વગાડતો આવી પહોંચ્યો. ગણપતિજીનું વિસર્જન થાય ન થાય ત્યાં શ્રાદ્ધપક્ષ શરૂ થઇ જાય. ભાદરવી પૂનમથી ભાદરવાના છેલ્લા દિવસ એટલે કે અમાસ સુધી સોળ શ્રાદ્ધ ચાલે. જેવા શ્રાદ્ધ પૂરાં થાય કે આસો મહિનાની અજવાળી રાતોનો પ્રારંભ થાય ને આકાશેથી આંખડીમાં અમૃત ભરીને સચરાચર જગતની મા આદ્ય શક્તિનું અવનીએ અવતરણ થાય. નવ નવ દિવસ સુધી માતા પોતાનાં ભક્તોનો ભાવ ઝીલવા તત્પર રહે. ને ભક્તોની ખુશીનું તો પૂછવું જ શું? મા અને ભક્તોની આ પ્રેમાળ ભાવનાને ઝીલતો તહેવાર એટલે નવરાત્રી!

વર્ષા ઋતુનું વ્હાલ ઝીલીને ધરતીએ લીલી ઓઢણી ધારણ કરી હોય, ચારે બાજુ હરિયાળી છવાઈ ગઈ હોય, ન વધુ ઠંડી હોય કે ન વધુ ગરમી, વાતાવરણ ખુશનુમા હોય તેવી શરદ ઋતુમાં આ તહેવારનું આગમન સહુને હૈયે હરખ જગાવી જાય છે! હિંદુ ધર્મનાં તહેવારોમાં નવરાત્રી સૌથી લાંબો ચાલતો તહેવાર છે. દરેકને મન નવરાત્રી પોતાનું આગવું સ્થાન ધરાવે છે. મા નાં ભક્તો માટે તે આદ્ય શક્તિની આરાધના અને ઉપાસનાનું પર્વ છે. તો યુવક યુવતીઓ માટે નવ નવ દિવસ સજી ધજીને ગરબે ઘૂમવાનો અનેરો અવસર છે. નવરાત્રી શરુ થાય તે પહેલાં જ ગૃહિણીઓ તેની તૈયારી કરવા લાગે છે. ઘણાં ઘરોમાં મા નાં કળશની સ્થાપના કરવામાં આવે છે. તો ક્યાંક માંડવી પણ શણગારવામાં આવે છે. માટીનો સુંદર ગરબો લઇ તેને ગૃહિણીઓ જાત જાતના સુશોભનોથી શણગારીને જયારે સંધ્યા સમયે પ્રગટાવે છે ત્યારે તેની દિવ્ય જ્યોતથી આખું ઘર ઝગમગી ઉઠે છે! મંદિરોમાં રંગીન ધજા – પતાકા વડે સુંદર સજાવટ કરવામાં આવે છે. માતાજીની મૂર્તિને નવે નવ દિવસ અલગ અલગ પરિધાન અને ઘરેણાંથી સજાવવામાં આવે છે. હવનાષ્ટમીને દિવસે મતલબ કે આઠમે દિવસે માતાજીનો હવન કરવામાં આવે છે. કેટલાક ભક્તો નવ દિવસ એકટાણા કરે છે તો કેટલાક માત્ર પ્રવાહી ખોરાક લઈને નવ દિવસ સુધી મા ની ઉપાસના કરે છે. આજનાં આ ડીજીટલ યુગમાં નવરાત્રીને પણ ટેકનોલોજીનો રંગ લાગી ચૂક્યો છે. માતાજીનાં ગરબાની જગ્યાએ ડી.જે. નાં તાલે ઝૂમવાનું લોકો વધુ પસંદ કરવા લાગ્યા છે. તેવા સમયમાં હજુ ઘણી જગ્યાએ પરંપરાગત રીતે નવરાત્રીની ઉજવણી થાય છે. તો ચાલો જાણીએ થોડી પરંપરાગત નવરાત્રીઓ વિષે......

મીઠાપુરની ટાંકીવાળા ચોકની ગરબી

આ ગરબીની સ્થાપના ૧૯૪૧માં તાતા કંપનીનાં સ્થાપક કપીલરામ વકીલ દ્વારા કરવામાં આવી હતી. આ ગરબીએ ૭૬ વર્ષોથી પરંપરા સાચવી રાખી છે. અહીં નાની નાની બાલિકાઓના ગ્રુપ માતાજીનાં ગરબાનાં રમે છે. અહીં હાર્મોનિયમ, તબલાં અને નગારા જેવાં વાદ્યોનાં સથવારે મધુર કંઠે દીકરીઓ ગરબા ગવડાવે છે. આ ગરબી, ગરબાનાં બે પરંપરાગત પ્રકારનાં ગરબા રમાડવા માટે પ્રખ્યાત છે. એક છે અઠીંગો અને બીજો છે ઘોડાનો વેશ. આઠમને દિવસે 'ઘોર અંધારી રે રાતલડી મા નીસર્યા ચાર અસવાર.....' આ ગરબામાં આવતાં માતાજીનાં ચાર રંગના ઘોડા તૈયાર કરવામાં આવે છે. ચાર બાળાઓને ચાર માતાજીના સ્વરૂપ અનુસાર તૈયાર કરવામાં આવે છે. રંગબેરંગી લાઈટોનું સુંદર આયોજન આ ગરબાને વધુ ખાસ બનાવી દે છે! મીઠાપુર અને તેની આસપાસનાં ગામનાં લોકોનાં ટોળા ઉમટી પડે છે ને સંપૂર્ણ વાતાવરણ ભક્તિમય બની જાય છે.

જાલાની જારની ગરબી જામનગર:

છોટી કાશી તરીકે પ્રસિદ્ધ એવા જામનગરમાં તળાવની પાળની નજીક આવેલી જલાની જાર નામની જગ્યાએ તે જ નામથી, ૩ સદીથી ગરબીનું આયોજન કરવામાં આવે છે. અહી સાતમે નોરતે ઈશ્વર - વિવાહનું આયોજન કરવામાં આવે છે. જે સવારનાં ચાર વાગ્યા સુધી ચાલે છે. તેમાં દરેક છંદ ચાર વખત ગાવામાં આવે છે. અનોખી વાત એ છે કે અહીં ફક્ત પુરૂષો જ ગરબા રમે છે અને ગાય પણ છે. ગરબા રમવા આવનાર દરેક નાનાથી લઈને મોટા સુધી બધાને ધોતિયું પહેરવું ફરજીયાત છે. અહીં નવ ધાતુમાંથી બનાવેલો માતાજીનો ગરબો સ્થાપિત કરવામાં આવે છે. જામસાહેબ દ્વારા આપવામાં આવેલી માતાજીની ચાંદીની મૂર્તિની હજુ આજે પણ પૂજા થાય છે. સ્થાનિક લોકો દ્વારા આયોજિત કરવામાં આવતી આ ગરબીનું મુખ્ય આકર્ષણ ઈશ્વર-વિવાહ છે.

હાપાની પરંપરાગત ગરબી

જામનગરથી ૭-૮ કિ.મી. દૂર આવેલા હાપા રેલ્વે સ્ટેશન વિસ્તારમાં ૫૪ વર્ષથી, ચાલુ અને બંધ બંને પ્રકારની ટ્યુબલાઈટ વડે માતાજીનો મંડપ બનાવવામાં આવે છે. તે મંડપમાં ઝળહળતાં લેમ્પની સીરીઝ પણ હોય છે. જે બનાવતાં લગભગ દોઢ મહિનો લાગે છે. આ ગરબીમાં ત્રણ નાની મોટી વયની બાલિકાઓનાં ગ્રુપ તેમજ ભાઈઓનું એક ગ્રુપ દરરોજ ભક્તિભાવપૂર્વક પ્રાચીન ગરબા રમે છે. ટ્યુબલાઈટથી ઝળહળતી આ ગરબી અનોખું આકર્ષણ ધરાવે છે.

નાગર જ્ઞાતિની અનોખી પરમ્પરા : બેઠા ગરબા

આજનાં હાઈ ફાઈ જમાનામાં હજુ કેટલીક જગ્યાએ લોકો પોતાનાં વડવાઓ દ્વારા શરૂ કરવામાં આવેલી પરંપરાને જાળવી રાખવા ખુબ પ્રયત્નો કરે છે. પોતાનાં દાદા પરદાદા દ્વારા વારસામાં મળેલી રૂઢિઓ અને રીતિ – રિવાજોનું ખુબ સન્માનપૂર્વક અનુસરણ કરે છે. તેનું એક જાણીતું ઉદાહરણ છે : બેઠા ગરબા. જી હા, નાગર બ્રાહ્મણ જ્ઞાતિની મહિલાઓ દ્વારા ગાવામાં આવતાં બેઠા ગરબા.

આ બેઠા ગરબા ઘણાં શહેરોમાં આયોજિત કરવામાં આવે છે. પરંતુ, આજે આપણે જામસાહેબનાં શહેર જામનગરની વાત કરીશું. અહીં લગભગ એકવીસ વર્ષથી હાટકેશ્વર મહાદેવનાં મંદિર પાસે બેઠા ગરબાનું આયોજન કરવામાં આવે છે. આ સમગ્ર આયોજન માત્ર ને માત્ર મહિલાઓ દ્વારા જ કરવામાં આવે છે. આ કાર્યક્રમ પોતાને ઘેર યોજવામાં આવે તેવી દરેક નાગર મહિલાની ઈચ્છા હોય છે. એકાદ મહિના પહેલાં જ કોનાં ઘેર માતાજીના ગરબાનું આયોજન કરવું તે નક્કી કરી લેવામાં આવે છે. કોઈ ભક્તનું ઘર થોડું નાનુ હોય તો તેઓ હાટકેશ્વર મંદિરની બાજુમાં કાર્યક્રમ ગોઠવે છે.

સાંજનાં પાંચથી સાત એમ બે કલાક આ ગરબા ગાવામાં આવે છે. માતાજીનો ફોટો મૂકીને તેનું પૂજન – અર્ચન કરવામાં આવે છે. પછી નાગર બહેનો પોતાનાં સૂરીલા કંઠે, માતાજીનાં ગરબા ગાય છે. હાર્મોનિયમ, તબલાં, મંજીરા, ખંજરી જેવાં વાદ્યો પણ બહેનો જ વગાડે છે. બે કલાક સુધી નાગર બહેનો બધું જ ભૂલીને માત્ર માતાજીના ગરબામાં જાણે ખોવાઈ જાય છે. પછી માતાજીને ધરેલી પ્રસાદી ગ્રહણ કરીને તમામ બહેનો, બીજે દિવસે મળવાની ઉત્કંઠા સાથે સ્વગૃહ તરફ પ્રયાણ કરે છે. પોતાની પરમ્પરા જાળવી રાખવા માટે પ્રયત્નશીલ આ બહેનોની ભક્તિને નમન.

-ભગવતી પંચમતીયા 'રોશની'

કાવ્યગોષ્ઠી ઈ-સામયિક

Always

Welcomes You

એક નવી શરૂઆત સ્વરૂપે અમે નવી વિચારધારાઓ સાથે આગળ વધવા માંગીએ છીએ. જે કાર્ય માટે વધુ લોકોની મદદ પણ જોઇશે.

જો આપ પણ કાવ્યગોષ્ઠી સાથે જોડવા માંગતા હોવ, અથવા સાહિત્ય સર્જનને એમાં જોડવા ઈચ્છતા હોવ તો નીચેના સાંપકો દ્વારા જણાવી શકો છો.

-: સંપર્ક સુત્રો :-

સુલતાન સિંહ 'જીવન'

મોબાઈલ - +૯૧ ૯૯૦૪ ૧૮૫ ૦૦૭

[વોટ્સએપ પણ કરી શકો છો.]

મેઈલ – raosultansingh@gmail.com

વેબપેજ - http://kavygoshthiblog.wordpress.com